ખેડા નગરપાલિકાની ઘોર બેદરકારી | વરસાદમાં 'ધોવાઈ' જનતાના પરસેવાની કમાણી

ખેડા શહેરમાં નવો બની રહેલો સીસી રોડ કાદવમાં ફેરવાતા સ્થાનિકો રોષે ભરાયા

એન્જિનિયર અને કોન્ટ્રાક્ટરની ગેરહાજરીમાં મજૂરોએ વરસાદી માહોલમાં વેઠ ઉતારી

તસવીરઃ પ્રગ્નેશ ભાવસાર

(પ્રતિનિધિ) ખેડા તા.૨૦

ખેડા શહેરમાં નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલા રોડના કામમાં ભારોભાર ગેરરીતિ અને સત્તાધીશોની ગુનાહિત બેદરકારીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. હવામાન વિભાગની વરસાદની આગાહી હોવા છતાં, કોઈ પણ જવાબદાર અધિકારી કે કોન્ટ્રાક્ટરની હાજરી વગર કામ શરૂ કરી દેવામાં આવ્યું હતું. પરિણામે, બપોર બાદ તૂટી પડેલા વરસાદમાં લાખોના ખર્ચે બનેલો માર્ગ ગણતરીના કલાકોમાં જ ધોવાઈ ગયો છે, જેનાથી સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ખેડાના પરા દરવાજાથી વહેરા સુધીના રોડનું કામ આજે સવારે 9 વાગ્યાથી શરૂ કરવામાં આવ્યું હતું. આશ્ચર્યની વાત એ છે કે, જ્યારે આ કામ ચાલતું હતું ત્યારે નગરપાલિકાના એન્જિનિયર, કન્સલ્ટન્ટ કે ખુદ કોન્ટ્રાક્ટર સ્થળ પર હાજર નહોતા. માત્ર મજૂરો દ્વારા જ આ રોડ ભરવાનું કામ કરવામાં આવી રહ્યું હતું.સ્થાનિકોનો વિરોધ છતાં મજૂરોની મનમાની વરસાદી વાતાવરણ વચ્ચે રોડનું કામ ચાલુ કરાતા સ્થાનિક જાગૃત નાગરિકો અને વેપારીઓએ તેનો સખત વિરોધ કર્યો હતો.

સ્થાનિક લોકોએ કામ અટકાવવા જણાવ્યું હોવા છતાં, મજૂરોએ મનસ્વી રીતે કામ ચાલુ રાખ્યું હતું. બપોર બાદ વાતાવરણ પલટાતા ધોધમાર વરસાદ પડ્યો હતો, જેમાં તાજો બનેલો રોડ સાવ ધોવાઈ ગયો હતો અને રસ્તા પર માત્ર કપચી જ બાકી રહી હતી.

વિચિત્ર બચાવ: સિમેન્ટ નીચે ચોંટી ગયો છે!

ધોવાયેલા રોડ પર જ્યારે જાગૃત નાગરિકોએ કામ અટકાવવા કહ્યું, ત્યારે મજૂરો દ્વારા એવો વિચિત્ર તર્ક આપવામાં આવ્યો હતો કે, 'રોડ માત્ર ઉપરથી ધોવાયો છે, સિમેન્ટ તો નીચે ચોંટી ગયો છે.' આટલું કહીને ધોવાયેલા રોડ પર પણ રોલર ફેરવવાનું ચાલુ રખાયું હતું. જોકે, વાસ્તવિકતા અને તસવીરો સ્પષ્ટ કરે છે કે રેતી અને સિમેન્ટ પાણીમાં વહી ગયા છે અને માત્ર કપચી જ ખાડાઓમાં બાકી રહી છે.

ખેડા પોલીસે 'પ્રોજેક્ટ મૈત્રી' હેઠળ ૩૭ હજારથી વધુ અરજીનો નિકાલ કર્યો

ખેડા જિલ્લા પોલીસને 'સ્કોચ એવોર્ડ'થી સન્માનિત કરાયાં

દેશના સર્વોચ્ચ સન્માન બદલ મુખ્યમંત્રીએ પત્ર લખી જિલ્લા પોલીસ વડાને અભિનંદન પાઠવ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦

ખેડા જિલ્લા પોલીસ દ્વારા કાર્યરત 'અરજી વ્યવસ્થાપન પ્રણાલી-AMS' (પ્રોજેક્ટ મૈત્રી) ને રાષ્ટ્રીય સ્તરે મોટી સફળતા મળી છે. પોલીસ અને સમુદાય વચ્ચે વિશ્વાસ વધારવાની શ્રેષ્ઠ કામગીરી બદલ ખેડા જિલ્લા પોલીસને ભારતનું સર્વોચ્ચ સ્વતંત્ર નાગરિક સન્માન 'સ્કોચ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે.

દિલ્હી ખાતે આયોજિત કાર્યક્રમમાં સ્કોચ ગ્રુપના ચેરમેન સમીર કોચરના હસ્તે જિલ્લા પોલીસ વડા વિજયભાઈ પટેલને આ એવોર્ડ એનાયત થયો હતો. આ સિદ્ધિ બદલ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જિલ્લા પોલીસ વડાની કામગીરી બિરદાવતા જણાવ્યું હતું કે, ખેડા જિલ્લા પોલીસ કોમ્યુનિટી પોલીસિંગનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડી રહી છે અને જિલ્લાના નાગરિકોને સુરક્ષા તેમજ શાંતિ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. આ પ્રણાલી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં કાર્યરત છે અને તેને નાગરિકો તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

માતર તાલુકામાં સરકારી યોજનાના પ્રચારનો બોજ પ્રજા પર

માતરમાં મકાનની નંબર પ્લેટ માટે ૫૦ની વસૂલાતનો આદેશ

સ્વચ્છ ભારત અભિયાનના સ્લોગનવાળી પ્લેટ લગાવવા પંચાયતોને સૂચના

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦

સરકાર દ્વારા 'સ્વચ્છ ભારત અભિયાન' પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે, ત્યારે આ અભિયાનનો ઘેર-ઘેર પ્રચાર કરવા માટે માતર તાલુકાના વહીવટી તંત્ર દ્વારા એક વિવાદાસ્પદ નિર્ણય લેવામાં આવ્યો છે. તાલુકા વિકાસ અધિકારી દ્વારા તમામ ગ્રામ પંચાયતોને પરિપત્ર પાઠવી આદેશ કરાયો છે કે ગામના દરેક મકાન પર સ્વચ્છ ભારત અભિયાનના લોગો અને સ્લોગનવાળી નંબર પ્લેટ લગાવવી.

આ આદેશ મુજબ, એક નંબર પ્લેટની કિંમત ૫૦ નક્કી કરવામાં આવી છે, જે સીધી મકાન માલિકો પાસેથી વસૂલવાની રહેશે. સરકાર જ્યારે સ્વચ્છતા અભિયાનના હોર્ડિંગ્સ અને બેનરો પાછળ કરોડોનું બજેટ ફાળવતી હોય, ત્યારે પ્રચાર માટે ગ્રામજનો પાસેથી આ રકમ શા માટે વસૂલવામાં આવે છે તેવા પ્રશ્નો ઉઠ્યા છે. જાગૃત નાગરિકો આને પોતાની મિલકત પર બિનજરૂરી ખર્ચ અને સરકારી તંત્રની ફરજિયાત વસૂલાત ગણાવી રહ્યા છે.

આ ખાસ પ્રકારની નંબર પ્લેટ તૈયાર કરવા માટે નવસારીની સત્તાધાર ન્યુ જીઆઇડીસી સ્થિત એક ખાનગી એજન્સીને નક્કી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. એક તરફ સરકાર ડોર-ટુ-ડોર કચરો ઉઘરાવવાના સાધનો પાછળ ખર્ચ કરી રહી છે, ત્યારે બીજી તરફ પ્રચારના નામે લોકોના ખિસ્સા પર આર્થિક બોજ નાખવામાં આવતા વહીવટી તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે.

ખેડા જિલ્લાના તંત્ર દ્વારા લેવામાં આવેલા આવા તઘલઘી નિર્ણય સામે સ્થાનિક પ્રજામાં ભારે રોષની લાગણી જન્મી છે. આ અંગે પ્રજાને રાહત મળે તેવા પગલાંની માંગ ઉઠી છે.

એલટીસીના નામે સરકારી તિજોરીની લૂંટ ચલાવાઇ !

જવાબદારો સામે તપાસ અને વસૂલાતની ઉગ્ર માંગ

(પ્રતિનિધિ) સેવાલિયા તા.૨૦

ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકામાં સરકારી કર્મચારીઓ અને શિક્ષકો દ્વારા એલટીસીના નામે કરોડો રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, કેટલાક કર્મચારીઓએ રજાના સત્તાવાર હુકમ વિના અને કોઈપણ પ્રકારની મુસાફરી કર્યા વગર જ ખોટા બિલો રજૂ કરી સરકારી તિજોરીમાંથી લાખો-કરોડો રૂપિયાનો ઉપાડ કરી લીધો છે. સરકારી નિયમોને નેવે મૂકીને આચરવામાં આવેલા આ કથિત કૌભાંડને કારણે સમગ્ર શિક્ષણ જગતમાં ભારે ચકચાર મચી છે.

સ્થાનિક સ્તરે ઉઠેલા ગંભીર સવાલો મુજબ, કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. આ અંગે ગળતેશ્વરના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતું કે, તેઓ કામ અર્થે નડિયાદ હતા અને આ બાબતે તેમને હજુ સુધી કોઈ સત્તાવાર ફરિયાદ મળી નથી. આ મામલે જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની માંગ છે કે ઉચ્ચ કક્ષાની તપાસ સમિતિની રચના કરી દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવામાં આવે તેમજ સંડોવાયેલા તમામ અધિકારીઓ અને કર્મચારીઓ પાસેથી નાણાંની વસૂલાત કરવામાં આવે. જો કાર્યવાહી કરવામાં નહીં આવે, તો શિક્ષક સંગઠનો અને સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ખેડા અને માતર પંથકમાં તસ્કરોનો આતંક, જનતા પરેશાન

ખેડામાં ટ્રાન્સફોર્મરમાંથી ૪૫ ફ્યુઝની ચોરી થતા અંધારપટ

ગત વર્ષની જેમ ફરી તસ્કર ટોળકી સક્રિય થતાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા ફરિયાદ નોંધાવાઈ

(પ્રતિનિધિ) ખેડા તા.૨૦

ખેડા શહેર અને માતર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વીજ ચોરોએ ફરી માથું ઊંચક્યું છે. તસ્કરો દ્વારા ટ્રાન્સફોર્મરના ડિસ્ટ્રિબ્યુશન બોક્સને નિશાન બનાવી એક જ દિવસમાં 45 જેટલા ફ્યુઝની ચોરી કરવામાં આવતા અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, ખેડા શહેર સહિત માતર તાલુકાના માતર, સોખડા, રઘવાણજ અને ઉઢેલા ગામોમાં આવેલા વીજ ટ્રાન્સફોર્મરના ડિસ્ટ્રિબ્યુશન બોક્સમાંથી મોટા પાયે ફ્યુઝની ચોરી થઈ છે. તસ્કરોએ એક જ દિવસમાં કુલ 45 જેટલા કિટ-કેટ ફ્યુઝની ચોરી કરી લેતા આ વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી, જેના કારણે સ્થાનિક રહીશો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે પણ આ જ પ્રકારે વીજ સામગ્રીની ચોરીની ઘટનાઓ બની હતી. તે સમયે MGVCL (મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ) ના અધિકારીઓએ તકેદારી દાખવી એક શખ્સને રંગે હાથે ઝડપી પાડી માતર પોલીસને સોંપ્યો હતો. જોકે, હવે ફરીથી આ ટોળકી સક્રિય થઈ હોય તેમ જણાય છે. આ મામલે MGVCL દ્વારા ખેડા અને માતર પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે, જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

નડિયાદમાં સંતરામ શિશુ વાટિકામાં રથયાત્રાની ભક્તિમય અને ઉત્સાહપૂર્વક ઉજવણી

નડિયાદ | નડિયાદ ખાતે આવેલી સંતરામ શિશુ વાટિકામાં અષાઢી બીજના પવિત્ર પર્વે હિન્દુ સંસ્કૃતિની પરંપરા મુજબ રથયાત્રાની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નાના ભૂલકાઓ ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રા બનીને આવ્યા હતા અને 'જય રણછોડ'ના નારાથી વાતાવરણ ગુંજાવી દીધું હતું. આચાર્ય, શિક્ષકો અને બાળકોએ પરંપરાગત મોસાળુ અને રથયાત્રામાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મહંત રામદાસજી મહારાજ તથા મંત્રી સંત નિર્ગુણદાસજી મહારાજે આ પ્રસંગે સંતરામ મહારાજની અખંડ જ્યોતના દિવ્ય આશિષ પાઠવ્યા હતા.

વીરપુરમાં મુખ્યમંત્રીના જન્મદિવસે 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરાયું

વીરપુર | વીરપુરના બારોડા ગામે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના જન્મદિન નિમિત્તે પ્રદેશ મંત્રી મુક્તિબેન જોષીના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. રામદેવ મંદિર અને કાળાપાણા આશ્રમ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ હરિયાળા ગુજરાતનો સંકલ્પ લેવાયો હતો. આ સેવાયજ્ઞમાં સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોએ મોટી સંખ્યામાં જોડાઈને પર્યાવરણ સંરક્ષણની જવાબદારી નિભાવવાનો સંદેશ આપ્યો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

આણંદની પીએમ પટેલ કોલેજમાં નવા વિદ્યાર્થીઓ માટે 'આવકાર' ઓરિયન્ટેશન પ્રોગ્રામ યોજાયો

આણંદ | શહેરની પીએમ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ટેક્નોલોજી દ્વારા નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે વિદ્યાર્થીઓ માટે વિશેષ ઓરિયન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ 'આવકાર' કાર્યક્રમ અંતર્ગત નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને કોલેજની શૈક્ષણિક પદ્ધતિ, શિસ્ત અને વિવિધ પ્રવૃત્તિઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. સંસ્થા દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને કોલેજ કેમ્પસથી પરિચિત કરાવી તેમના ઉજ્જવળ શૈક્ષણિક ભવિષ્ય માટે પ્રોત્સાહિત કરવાનો હતો.

આણંદની મોગરીની મોતીભાઈ અમીન કોલેજમાં રથયાત્રાની ભક્તિમય ઉજવણી

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત મોતીભાઈ અમીન ડી.એલ.કોલેજ, મોગરી માં આચાર્ય અરવિંદ પઢિયારના માર્ગદર્શન હેઠળ રથયાત્રા પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. અધ્યાપક પ્રવિણભાઈ સોલંકીના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં પ્રશિક્ષણાર્થીઓ એ રથયાત્રાના ગીતો અને વક્તવ્ય રજૂ કર્યા હતા. આ પ્રસંગે સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલે સૌને શુભેચ્છાઓ પાઠવી હતી અને પ્રવીણભાઈએ પર્વનું સાંસ્કૃતિક મહત્વ સમજાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનિષાબહેન જાદવે અને આભાર વિધિ મેહુલભાઇએ સફળતાપૂર્વક કરી હતી.

લુણાવાડાની નવજીવન શાળામાં રાજ્ય સંસ્કૃત બોર્ડ પ્રેરિત 'સંસ્કૃત ક્લબ'નો પ્રારંભ કરાયો

લુણાવાડા | લુણાવાડાની નવજીવન ઉચ્ચતર માધ્યમિક શાળા, ગામડી ખાતે દેવવાણી સંસ્કૃત ભાષાના વ્યાપક પ્રચાર અને પ્રસારના હેતુથી □સંસ્કૃત ક્લબ□નું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ ડો. વિમલ ગઢવી, મંડળના મંત્રીઓ અને શાળાના આચાર્ય ડી. જે. સોલંકી સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. રાજ્ય સંસ્કૃત બોર્ડના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલી આ ક્લબ દ્વારા વિદ્યાર્થીઓમાં સંસ્કાર, સેવા અને સંસ્કૃતિના સિંચનનો નૂતન અભિગમ અપનાવાયો છે. શાળાના વિદ્યાર્થીઓએ અને શૈક્ષણિક સ્ટાફે મંગલમય વાતાવરણમાં ઉત્સાહભેર સહભાગી થઈ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

મહીસાગર રાજપૂત સમાજ દ્વારા જિલ્લા ભાજપ પ્રમુખ દશરથ બારીયાનું ભવ્ય સન્માન કરાયું

લુણાવાડા | લુણાવાડામાં આયોજિત વિશેષ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવાર અને વિવિધ તાલુકાના ક્ષત્રિય આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રાજપૂત સમાજના મોભીઓ અને યુવા સંગઠનોએ એકત્ર થઈ જિલ્લા ભાજપ પ્રમુખની સકારાત્મક કામગીરીને બિરદાવી તેમનું અભિવાદન કર્યું હતું. દશરથ બારીયાએ ક્ષત્રિય સમાજના પ્રશ્નો અને વિકાસ કાર્યોમાં હંમેશા અડીખમ ઊભા રહી પૂરતો સહયોગ આપવાની ખાતરી આપી આભાર વ્યક્ત કર્યો હતો.

નડિયાદની સલુણ ગામની શાળામાં બેગલેસ ડેની અનોખી ઉજવણી કરવામાં આવી

નડિયાદ | નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત સલુણની વૈદ્યનો કૂવો પ્રાથમિક શાળા દ્વારા બાળકો માટે ખુલ્લા ખેતરમાં પગપાળા પર્યટનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. લાલજીભાઈ વાઘેલાના ખેતરમાં બાળકોએ કુદરતી અને રમણીય વાતાવરણનો અનુભવ કરી વિવિધ પ્રવૃતિઓ સાથે શૈક્ષણિક આનંદ માણ્યો હતો. આ પ્રવાસ દરમિયાન બાળકોએ પ્રકૃતિના સાનિધ્યમાં અલ્પાહાર અને ભોજનનો લ્હાવો લીધો હતો, જેનાથી તેઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. શાળાના આચાર્ય સંજય વાઘેલાએ બાળકોને પ્રોત્સાહિત કરવા બદલ અને બિસ્કિટ વિતરણ કરનાર દાતાશ્રીનો વિશેષ આભાર માન્યો હતો.

ગોધર તાલુકાના માંચોડમાં ખેડૂતોને આધુનિક ખેતી અને પશુપાલનનું માર્ગદર્શન અપાયું

લુણાવાડા | મહીસાગરના ગોધર તાલુકાના માંચોડ ગામે આત્મા પ્રોજેક્ટ દ્વારા આયોજિત સંમેલનમાં મોટી સંખ્યામાં પ્રગતિશીલ ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં પશુ વૈજ્ઞાનિકે આદર્શ પશુપાલન અને વિસ્તરણ અધિકારીએ ખેતીવાડી ખાતાની વિવિધ કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત સમજ પૂરી પાડી હતી. અલ્પ વરસાદની સ્થિતિમાં કઠોળના વાવેતર જેવી વૈકલ્પિક પદ્ધતિ અને રાસાયણિક મુક્ત પ્રાકૃતિક ખેતી અપનાવવા અંગે ખેડૂતોને વિશેષ માર્ગદર્શન અપાયું હતું. તાલુકા પ્રમુખ સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમ દ્વારા ગ્રામીણ ખેડૂતોને આધુનિક અને સમૃદ્ધ ખેતી તરફ વળવા આહવાન કરાયું હતું.

આણંદના મોગરી ખાતે વૃક્ષારોપણ દ્વારા કે. ડી. પટેલના જન્મદિવસની ઉજવણી કરાઇ

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદના મંત્રી કે. ડી. પટેલના જન્મદિવસ નિમિત્તે મોગરીની વી.જે. પટેલ કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશનમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મહાત્મા ગાંધી મોગરી કેમ્પસના તમામ આચાર્યો અને કોલેજના સ્ટાફ મિત્રોએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો ઉમદા સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ મંત્રીને જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવી તેમના દીર્ઘાયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય અને સતત પ્રગતિ માટે મંગલ કામના કરી હતી.

આણંદના સણસોલી કૃષિ સંશોધન કેન્દ્ર ખાતે ૧૦૦ ખેડૂતો માટે 'પ્રાકૃતિક કૃષિ' તાલીમ શિબિર યોજાઈ

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી, સણસોલી અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સંયુક્ત ઉપક્રમે નેનપુર ખાતે એક દિવસીય તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૃષિ વૈજ્ઞાનિકો ડો. ડી. બી. પ્રજાપતિ અને ડો. ભરત ઠક્કર દ્વારા ખેડૂતોને જમીનનું સ્વાસ્થ્ય, પંચસ્તરીય ખેતી મોડેલ અને ઝેરમુક્ત ખેતી અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલીમમાં કપડવંજ અને મહેમદાવાદ તાલુકાના વિવિધ ગામોના ૧૦૦ જેટલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ખેતીમાં આવતી સમસ્યાઓના નિરાકરણ અને નવીન પદ્ધતિઓ વિશે જાણકારી મેળવી હતી.

કપડવંજમાં ૪૫ લાખના ખર્ચે નવનિર્મિત સિનિયર સિટીઝન ભવનનું લોકાર્પણ કરાયું

કપડવંજ | કપડવંજમાં દેસાઈવાડા સામે સિનિયર સિટીઝન મંડળના અત્યાધુનિક સુવિધાઓ ધરાવતા નૂતન ભવનનો લોકાર્પણ સમારોહ ભવ્ય રીતે યોજાયો હતો. વહેલાલ દિવ્યધામના શ્રી શ્રી માં અનંતાનંદજીના વરદહસ્તે ઉદ્ઘાટન કરાયું, જેમાં મુખ્ય દાતા હેમલ શાહ અને સતિષભાઈ બિલ્ડર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆતમાં લોક કલ્યાણ અર્થે શ્રી સત્યનારાયણ ભગવાનની પૂજા કરવામાં આવી હતી અને મંડળના અગ્રણીઓએ પ્રશંસનીય સહયોગ આપ્યો હતો. તમામ સુવિધાઓથી સજ્જ આ મકાન કાર્યરત થતા પંથકના વરિષ્ઠ નાગરિકોની વર્ષો જૂની મહેચ્છા પૂર્ણ થઈ છે.